**મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સાહેબ, મુ.મહેસાણા**

રીકવરી (સી–૨) અરજી નં. ૫૫/૨૦૧૭
આંક–૯

અરજદાર – રમેશભાઈ મંગળદાસ પટેલ,
ડી–૮, સિમંધર ફલેટ, નાગલપુર, મહેસાણા.

–:: વિરૂધ્ધ ::–

સામાવાળા – મેનેજરશ્રી,
મહેસાણા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.,
રાધનપુર ચાર રસ્તા, મહેસાણા.

**વિષયઃ– ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ– ૩૩–સી(૨) હેઠળ અરજી**

પ્રતિનિધિત્વ :–
અરજદાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી એ.આર.શાહાઝાદા.
સામાવાળા તરફે – વિ.વકીલશ્રી વી.એસ.ત્રિવેદી.

**ઃ ચુ કા દો ઃ**

**(૧)** હાલના અરજદારે સદર અરજી ઔધોગિક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(૨) હેઠળ દાખલ કરી અરજદારની બાકી લેણી રકમ રૂ.૧,૫૨,૫૩૨/– ૧૨ ટકા સાદા વ્યાજ સહીત આ કામના સામાવાળા ચુકવી આપે તેવી માંગણી કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં ૨૨ વર્ષ થી ઓફિસ સ્ટાફમાં સીની.કલાર્ક તરીકે મહેસાણા રીઝીયોનલ તેલીબીયા ઉત્પાદક સહ. સંઘ લી.મા ફરજ બજાવતા હતા. સામાવાળાએ રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુજરાત રાજય, ગાંધીનગરના હુકમથી સામાવાળા સંસ્થામાં તબદીલ કરવામાં આવેલ હોઈ અગાઉની સંસ્થાની બાકી નીકળતી રકમો ચુકવવાની જવાબદારી સામાવાળાની છે. સામાવાળાએ અરજદારની નોકરીનો અંત આણતા પહેલા આઈ.ડી.એકટની કલમ–૨૫એફની જોગવાઈનું પાલન કરેલ નથી. અને કલમ ૨૫–એફ મુજબ બેકારી વળતર રૂ.૧,૪૧,૩૯૨/– તથા નોટીસ પગાર રૂ.૧૧,૧૪૦/– મળી કુલ રૂ.૧,૫૨,૫૩૨/– અરજદાર સામાવાળા પાસેથી ૧૨ ટકા સાદા વ્યાજ સાથે ચુકવી આપે તેવી માંગણી કરેલ છે.

**(૨)** સદર અરજી દાખલ થતાં આ કામના સામાવાળાને આંક–૩ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ છે જે નોટીસ બજી જતાં સામાવાળાએ આંક–૫ થી લેખિત જવાબ રજુ કરેલ છે. સામાવાળાએ તેમના લેખિત જવાબમાં અરજદારે જણાવેલી હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલો છે અને પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે અરજદારને આ અરજી કરવાનો કોઈ પ્રિ.એકઝીસ્ટીંગ રાઈટ પ્રસ્થાપિત થયેલ

ન હોઈ અરજદારની અરજી આઈ.ડી.એકટની કલમ ૩૩–સી(૨) હેઠળ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ રદ કરવા જણાવેલ છે. સામાવાળા વધુમાં જણાવે છે કે રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા તા.૩૦/૩/૦૯ ના હુકમથી મહેસાણા તેલિબીયાં ઉત્પાદક સંઘ લિ.ની તમામ સ્થાવર અને જંગમ મિલકતો તથા જવાબદારીઓ મહેસાણા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિ.ને તબદીલ કરવાની મંજુરી આપેલ હતી. ત્યારબાદ તા.૧૫/૯/૦૯ ના પત્ર નં.સરમ/૦૧/હે–૨/૧૩૧૪/૦૯ થી આ તબદીલીનો આખરી હુકમ કરેલ હતો. આ હુકમ અન્વયે દુધ સાગર ડેરી એમ.આર.ટી.એસ.ની સ્થાવર તથા જંગમ મિલકતો લઈ પોતાની જરૂરીયાત મુજબ કામગીરી કરવા માંગતી હોઈ એમ.આર.ટી.એસ. ના તમામ કર્મચારીઓને તમામ હકકો જેવા કે જુન–૨૦૦૫ થી જુલાઈ–૨૦૦૯ સુધીનો પગાર, તા.૩૧/૭/૦૯ સુધીની ગ્રેજયુઈટીની રકમ, બાકી નીકળતી હકક રજાની રકમ, કોમ્પેન્સેટરી ઓફની રકમ, રેફરન્સ આઈ.ટી. નં.૫૦૧/૮૫ માં ઈન્ટરીમ રીલીફના રૂ.૪૦૦/– અંગેના એવોર્ડની રકમ અને બાકી નીકળતી બોનસ તથા અન્ય તમામ પ્રશ્નોના નિકાલ કરવા માટે સંસ્થા સાથે ચર્ચા વિચારણા કરવા તથા ચર્ચા વિચારણા દરમ્યાન ઉપસ્થિત થતાં અન્ય તમામ આનુષાંગિક બાબતો અંગે ચર્ચા વિચારણા કરવા તથા તે અંગેની તમામ કાર્યવાહી કરવા તથા ઉપરોકત તમામ બાબતોના અનુસંધાનમાં સંસ્થા સાથે સંપુર્ણ અને આખરી સમાધાન કરવા માટે પાંચ પ્રતિનિધિઓની નિયુકિત કરી તેમને ઉપરોકત તમામ બાબતો અંગે સત્તા અને અધિકાર આપતો ઠરાવ કરવા આવેલ. તે અંગેની બોલાવેલી મીટીંગમાં પ્રતિનિધિઓની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ અને તેઓ દ્વારા જે કોઈ આઈ.ડી.એકટની જોગવાઈઓ અનુસાર સમાધાન કરવામાં આવશે તે પરીશીષ્ટમાં તમામ કામદારો કર્મચારીઓને કબુલ મંજુર, સ્વીકાર્ય અને બંધનકર્તા રહેશે. ઉપર જણાવેલ વિગતોના અનુસંધાને પ્રતિનિધિઓને આપેલ સત્તા અને અધિકાર અન્વયે સંસ્થા સાથે તા.૧/૮/૦૯, તા.૧૭/૮/૦૯, તા.૨૫/૧૨/૦૯ તથા તા.૫/૧/૧૦ ના રોજ મીટીંગો યોજી હતી અને ચર્ચા વિચારણાને અંતે સંસ્થા અને કામદારોના પ્રતિનિધિઓ સાથે સુખદ સમાધાન થયેલ. તે સમાધાન મુજબની રકમ સામાવાળા સંસ્થા દ્વારા ચુકવી આપવામાં આવેલ છે તે મુજબ જે કર્મચારીઓએ રાજીનામુ આપી છુટાં થવા તૈયારી બતાવેલ તેઓને તે મુજબ રાજીનામુ સ્વીકારી છુટાં કરવામાં આવેલ છે. જે કર્મચારીઓએ વી.આર.એસ. લઈ છુટાં થવા તૈયારી બતાવેલ તે કર્મચારીઓને તે મુજબ છુટાં કરવામાં આવેલ છે. જે કર્મચારીઓ સંસ્થાની નોકરીમાં ચાલુ રહેવા માંગતા હતા તેઓને ફરજ પર હાજર કરવામાં આવેલ છે અને વય મર્યાદામાં છુટાં થતાં કર્મચારીઓને કાયદા મુજબ છુટાં કરવામાં આવેલ છે. આમ, કામદારોના પ્રતિનિધિઓ અને સંસ્થા વચ્ચે થયેલ તા.૨૮/૧/૧૦ના રોજ આઈ.ડી. એકટની જોગવાઈ અનુસાર થયેલ સમાધાન મુજબની રકમ સંસ્થા દ્વારા ચુકવી આપવામાં આવેલ છે. આ તમામ સત્ય હકીકતથી અરજદાર શરૂથી વાકેફ હોવા છતાં આ સત્ય હકીકતો જાણીબુજીને ઈરાદાપુર્વક નામ.કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી અને તે અંગેનો કોઈ ઉલ્લેખ અરજીમાં કરેલ નથી. અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ અરજદાર કાયદેસર રીતે માંગવા કે મેળવવા હકકદાર થતાં નથી તેથી અરજદારની અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર હોઈ રદ કરવા વિનંતી છે.

(૩) આ કામે અરજદાર તરફે નિ.૬/૧ થી નિ.૬/૩ થી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે મે વંચાણે લીધેલ છે.

(૪) અરજદારની અરજી અન્વયે સામાવાળાએ જવાબ રજુ કર્યા બાદ આ કામ અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ. અરજદારે તેઓની આંક–૧ ની અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોને પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી અરજદારની છે અને જયાં સુધી અરજદાર અરજીમાં જણાવેલી હકીકતોને આ કોર્ટ સમક્ષ લેખિત દસ્તાવેજી પુરાવાથી તેમજ અન્ય રીતે પુરવાર કરે નહી ત્યાં સુધી અરજદાર આંક–૧ ની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર થાય નહી. અરજદારે તેઓની આંક–૧ ની અરજીમાં જણાવેલ હકીકતોને પુરવાર કરવા માટે આ કામમાં કોઈ લેખિત કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી અને સામાવાળા સંસ્થાએ અરજદાર પાસેથી વધારાની કામગીરી કરાવી આઈ.ડી.એકટની જોગવાઈઓનો ભંગ કરેલ હોવાનું અને શીડયુલ–અ માં જણાવેલ રકમ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર હોવાની જે હકીકત જણાવેલ છે તે હકીકત પુરવાર કરવા માટે અરજદારે આ કામમાં કોઈ લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી અને અરજીમાં જણાવેલ આ હકીકતોને મારી સમક્ષ પુરવાર કરેલ નથી. અરજદારને તેઓની આંક–૧ ની અરજીમાં જણાવેલ હકીકતોને પુરવાર કરવા માટે આ કોર્ટે પુરતો અને વ્યાજબી સમય આપેલ હોવા છતાં અરજીની હકીકતો પુરવાર કરવામાં અરજદાર નિષ્ફળ ગયેલ છે. અરજદારે રીકવરી અરજીમાં જે રકમની માંગણી કરેલ છે તે રકમ મેળવવા માટે અરજદારનો પ્રસ્થાપિત હકક હોવાનું પુરવાર કરવું જોઈએ અને જો અરજદારનો રકમ મેળવવા માટે પ્રસ્થાપિત હકક હોય તો જ અરજદાર આઈ.ડી.એકટની કલમ ૩૩(સી)(૨) હેઠળ રીકવરી અરજી દાખલ કરી શકે. અરજદારે દાખલ કરેલ રીકવરી અરજી અન્વયે સામાવાળા સંસ્થાએ જવાબ રજુ કરેલ છે અને રીકવરી અરજીમાં જે રકમની માંગણી કરેલ છે તે રકમ મેળવવા માટે અરજદારનો પ્રસ્થાપિત હકક ન હોઈ રીકવરી અરજી રદ કરવા જણાવેલ છે. સામાવાળાએ જવાબ રજુ કર્યા બાદ પણ અરજદારે રીકવરી અરજીમાં જે રકમની માંગણી કરેલ છે તે રકમ મેળવવા માટે પ્રસ્થાપિત હકક હોવાનું પુરવાર કરેલ નથી. અરજદારે રીકવરી અરજીમાં માંગેલ રકમ વિવાદીત છે. વિવાદત રકમનો ન્યાય નિર્ણય કરવાની સત્તા આઈ.ડી.એકટની કલમ ૩૩–(સી)(૨) હેઠળ મજુર અદાલતને નથી. આમ, અરજદારને રીકવરી અરજીમાં જે રકમની માંગણી કરેલ છે તે રકમ મેળવવા માટે અરજદારને આઈ.ડી.એકટની કલમ ૩૩–(સી)(૨) હેઠળ પ્રસ્થાપિત હકક હોવાનું અરજદારે મારી સમક્ષ દસ્તાવેજી પુરાવા રજુ કરીને પુરવાર કરેલ ન હોઈ અરજદારની આ રીકવરી અરજી રદ કરવી જોઈએ તેવું હું સ્પષ્ટપણે માનું છું અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

૧. અરજદારની હાલની અરજી પુરાવાના અભાવે નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મહેસાણા

તા.૧૭/૦૪/૨૦૨૫

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.